સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ચાટો હજી પણ ચીનને, ચાય પે ચર્ચા કરીને !
પંપાળો હજી મોટા હાથીને, ખોટા ખર્ચા કરીને !
અર્ચા કરીને ઝૂલાવો હીંચકે હાલરડાં ગાઈ -
બનાવી જાય છે 'બાબુ' આપણને પર્ચા કરીને...
(ચીને પોત પ્રકાશ્યું ?!)

ડહોળાય છે
'ગુજરાત' ગૌરવ -
'બે' ને કારણે ?
(અધીર રંજનનો ઉભરો)

આતંકી દોસ્તી -
પણ છે બહાદુરી -
દેશ-દ્રોહની...
(એમાં ચંદ્રક પાછો ન લેવાય!)

હાઈકુ

ચિંતન

વ્રતેન દીક્ષામાપ્નોતિ, દીક્ષયાપ્નોતિ દક્ષિણામ્ ।
દક્ષિણા શ્રમાધાપ્રોતિ, શ્રદ્ધા સત્યમાપ્યતે ॥

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

વ્રત ધારણ કરવાથી મનુષ્યને શ્રેષ્ઠ અધિકાર તથા યોગ્યતાની પ્રાપ્તિ થાય છે વ્રત કરવાથી મનુષ્યોનો આદર સત્કાર વધી જાય છે.

મૌન ઉપવાસ રાખનારને સતત ઉપવાસના સ્મરણ સાથે જ વ્રત અને વ્રતનું કારણ પણ યાદ રહે છે. ઈશ્વરનું સતત સ્મરણ આપણને ખોટાં કે ખરાબ કામ કરતાં અટકાવે છે.

શ્રાવણ માણસ કે અધિક માસ, એક ટાણા - ઉપવાસના દિવસો છે. જીવનમાં વ્રત રાખવાથી આત્મા સતત ઈશ્વરનું સાનિધ્ય અનુભવે છે અને સ્મૃતિમાં તથા વિવેકમાં રહે છે.

આમ વ્રત દ્વારા આત્મા જાગૃત રહે છે અને ભક્તિ શ્રદ્ધા વિશ્વાસ વધે છે.

'મૌન' એટલે મનની પણ નિર્વિચાર સ્થિતિ - મનમાં આખી દુનિયાના સારા-માઠા કર્યા કરવું એ મૌન નથી - મૌનમાં ઈશારા ને પાટીપેનનો ઉપયોગ કરવો એ નિરર્થક મૌન જ છે.

મન નિર્વિચાર થાય તો જ સાચું 'મૌન' કહેવાય.

સુવિચાર

- રાજા બનવું એટલે રાજપદ ભોગવવું... એ નહીં... પણ રાજ પદ શોભાવવું...!! - **ચાણક્ય**
- શ્રેષ્ઠ કાર્યકર્તા વહ હૈ... જિસ કા કાર્ય તો દીખે... પર કર્તા ન દીખે...!! - **બિમલ ભટ્ટ**
- નવી કહેવત.... 'જેનું કોઈ ન હોય તેનો મોબાઈલ હોય છે' - **અખંડ આનંદ**
- લક્ષ્મી અને ધનમાં ફરક શો છે ?
  લક્ષ્મી સત્કાર્યમાં વાપરી શકાય છે ધન તો ભેગુ જ કરી શકાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- નવરું પડતું મગજ, નવરા પડેલા હાથને ખરાબ કામ માટે તૈયાર કર્યા વિના રહેતું નથી, માટે સાવધાન !! મગજને સતત સદ્ આલંબનોમાં જોડેલું જ રાખજો - **જીવન પાથેય**
- ખરાબ વિચાર જ ન આવે એ સજ્જનતાનું લક્ષણ નથી પણ મનમાં આવી જતા ખરાબ વિચારને આચરણમાં ન લાવે તે સજ્જનતાનું લક્ષણ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : નવશેકા ગરમ પાણીમાં એક ચમચી એપલ વિનેગર ઉમેરી પીવાથી શરીરમાં યુરિક એસિડ વધી ગયો હોય તો કાબુમાં આવે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈટાલીના વિખ્યાત વાયોલિન વાદક પેગાનીની તેમનું વાયોલિન વાદન સાંભળનાર મંત્રમુગ્ધ થઈ જાય. તેમનો એક મોટો ગુમ હતો કે તેઓને તેમની આ સંગીતકળાનું જરાયે અભિમાન ન હતું. એક વાર એક ભવ્ય સમારોહમાં તેમને વાયોલિન વગાડવાનું આમંત્રણ મળ્યું. ઈટાલીની મોટી હસ્તીઓ જયાં આવવાની હતી માટે પેગાનીની એ પણ ખૂબ મહેનત કરી, રિયાઝ કરીને પોતાનું ઉત્તમ સંગીત તૈયાર કર્યું. પેગાનીની વાયોલિન લઈ મંચ ઉપર આવ્યા. ત્યારે સૌ શ્રોતાજનોએ ઊભા થઈને તાળીઓથી તેમને વધાવી લીધા. શ્રોતાઓનો પ્રેમ જોઈ પેગાનીની આંખમાં હરખના આંસુ આવી ગયા. આંખો બંધ કરીને તેમને વાયોલિન વગાડવાનું શરૂ કર્યું. અને તેમના અદ્‌ભૂત સંગીતમાં શ્રોતાઓ ઝુમી ઊઠ્યા. પેગાનીની એવા તલ્લીન હતા તેવામાં તેમને લાગ્યું કે વાયોલિનના સ્વરમાં કંઈક ફેર પડી ગયો છે. તેઓ અટક્યા નહિ. વધુ એકાગ્રતાથી વાયોલિનનો એક તાર તૂટી ગયો હતો. પરંતુ તેઓ અટક્યા નહિ. વધુ એકાગ્રતાથી વાયોલિન વગાડતા રહ્યા. કમનસીબે થોડીવારમાં બીજો તાર પણ ટૂટી ગયો. હવે માત્ર એક જ તાર રહ્યો. પેગાનીની અટક્યા શ્રોતાોની મંત્રમુગ્ધતામાં ભંગ પડ્યો. એવામાં કોઈ પોગાનીની ના વિરોધીએ શ્રોતાગણમાંથી બૂમ પાડી 'ખરો વાયોલિન વાદક હોય તો એક તાર ઉપર વગાડી બતાવ.' પેગાનીની એ ફરી આંખો બંધ કરી ફક્ત એક તાર પર દિલથી વાયોલીનમાંથી મધુર સંગીત રેલાવ્યું. સાંભળનારા સૌ માની શક્યા નહિ કે એક જ તારથી આવું મધુર સંગીત સાંભળ્યું... જો વાલોયિનના બે તાર તૂટ્યા પછી પણ એક તારમાંથી સંગીતના સૂરોનું સર્જન માત્ર જાત પર વિશ્વાસ અને સાચી ભાવનાથી શક્ય બન્યું છે. જયાં સુધી આ આત્મવિશ્વાસનો એક તાર રહે ત્યાં સુધી જીવનમાં કોઈ પણ કાર્ય શક્ય જ છે.

કવીશ્વર દલપતરામની દ્વિશતાબ્દી

તંત્રીસ્થાનેથી...

સુરતે જેટલાં લાડ એના સર્જક નર્મદાશંકર લાલશંકર દવેને લડાવ્યા છે એના પ્રમાણમાં અમદાવાદે એના મહાન કવિ દલપતરામ કે ન્હાનાલાલનું ગૌરવ કરવામાં ઘણી આળસ કરી છે. પોતાને 'રૂડી ગુજરાતની વાણી રાણીની વકીલ' તરીકે ઓળખાવનાર આ મહાન સર્જકને ગુજરાતી સાહિત્યના ઈતિહાસકારો અને વિવેચકોએ હંમેશા નર્મદની સરખામણીમાં બીજા નંબરે મૂકી અન્યાય જ કર્યો છે. વાસ્તવમાં દલપતરામે જે પ્રદાન કર્યું છે તે નર્મદની સરખામણીએ કોઈ પણ માપદંડથી ઊતરતું નથી, બલકે ઘણી બાબતોમાં વિશેષ શાસ્ત્રીય અને ચડિયાતા હતા. નર્મદની જિંદગી અનેક પડકારો વચ્ચે પસાર થઈ, એણે ઘણા સામાજિક અવરોધો સહન કર્યા અને ડાંડિયો પીટીને સમાજ સુધારણાની અહાલેક જગાડી. દલપતરામે એ મુદ્દે 'ધીમે ધીમે સુધારાનો સાર' વાળી ઢીલી નીતિ અપનાવી હતી બલકે એ વધુ વહેવારું માણસ તરીકે જીવવામાં માનતા રહ્યા એટલે સ્તો અંગ્રેજ શાસનની પ્રશસ્તિ કરવામાં પણ એમને કશો ખંચકાટ નહોતો થયો. ઉદાહરણ સ્વરુપે એમની જાણીતી પંક્તિઓ વારંવાર ટાંકવામાં આવે છે -

દેખ બિચારી બકરીનો પણ કોઈ જ જાતાં પકડે કાન,
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન.

દલપતરામે ગુજરાતી ભાષાને ઘડવામાં અને સાહિત્યના વિવિધ પ્રકારો ખેડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. 'રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે' કહી એમને પિંગળશાસ્ત્ર નિચોવી કાઢી આબુનું વર્ણન, ઋતુચક્ર વિષયક કાવ્યો, અંધેરી નગરી જેવી હાસ્ય કવિતા કે 'ઊંટ કહે' - જેવી રચનાઓ આપી છે. 'મિથ્યાભિમાન' અને 'ભટનું ભોપાળું' જેવાં નાટકો ઉપરાંત ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવી સંસ્થા તથા 'બુદ્ધિપ્રકાશ' જેવું ઉત્તમ સામયિક આપે છે. વિદ્યાર્થીઓ માટે ભાષા-સાહિત્યનાં પાઠ્યપુસ્તકો 'રાસમાળા' વગેરેનું લેખન-માર્ગદર્શન - પરામર્શન તત્કાલીન હાકેમ ફાર્બસ સાથે એમના શિક્ષક અને મિત્રની ભૂમિકામાં રહીને કર્યું. સાદરાની રેસીડેન્સીમાં સેવાઓ આપતા દલપતરામ ભાષાની સેવાનો વિકલ્પ ઓછી આવકવાળો હોવા છતાં એ અમદાવાદ આવી ગયા હતા. ફાર્બસ સાથેની એમની દોસ્તી 'ફાર્બસ વિલાસ' અને 'ફાર્બસ વિરહ' જેવી રૂપકડી સાહિત્યિક રચનાઓમાં પરિમણી. દલપતરામે એક નવા યુગનાં મંડાણ કર્યા, જેને લીધે મધ્યકાલીન કવિઓના પ્રભાવથી મુક્ત અને વૈશ્વિક સર્જનાત્મક સાહિત્યની અસરથી પણ મુક્ત હોવા છતાં એની લગોલગ ગુજરાતી સાહિત્ય રચાતું ગયું. નર્મદ અને દલપતરામ સમકાલીન હતા એટલે બેઉ વચ્ચે લવહેટ રિલેશનસીપ રહી. નર્મદે એની રીતે મુંબઈ અને અંગ્રેજી સાહિત્યની અસર હેઠળ ગુજરાતી ભાષાને નવા આયામો આપ્યા તો દલપતરામે એમની આગવી સર્જકતાના બળે ભાષાને મૂઠી ઊંચેરા પદે પ્રસ્થાપિત કરી અને ફાર્બસ મારફત કરાવી. આવા એક ઉત્તમ પૂર્વસૂરિને બસો વર્ષે પણ ગુજરાત સંભારે છે તે એની ગરવાઈના કારણે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાની અને મેયર તથા સાંસદોની ઉપસ્થિતિમાં દલપતરામ વિશે ગોઠડી મંડાણી અને એમના પુનર્મૂલ્યાંકનનો પ્રયાસ કરી એક શ્રેષ્ઠ કવિના કવિકર્મની પ્રતિષ્ઠાનો ઉપક્રમ યોજાયો તેનો દરેક સર્જકને ગૌરવ લેવાનો જન્મસિદ્ધ અધિકાર છે.

સૌ આવું વિચારે તો...?

નવાં કલેવર
નટવર હેડાઉ

મટનની દુકાનથી આગળ વધતા તેના ચહેરા પર નિરાશા છવાઈ ગઈ હતી. તેની પાસે જે પૈસા હતા તેમાં દુકાનદારે થોડા મટનના ટૂકડા કાગળમાં પડીકું વાળીને આપી દીધા હતા. તેને ડૉકટરે ખોરાકમાં મીટ અને ઈંડા લેવાનું કહ્યું હતું. પણાજ તેને એમ થયું કે પેટ ભરાય એટલું ખાવાનું મળી જાય તો પણ ઘણું. સારો ખોરાક તો તેની હેસિયત બહાર થઈ ગયેલ હોય તેમ લાગતું હતું. માંદગીને કારણે નોકરી પણ છૂટી ગઈ હતી. અજાણ્યું શહેર તેમાં આવી ખરાબ હાલત.

મીટની ભીંનાશને કારણે પડીકાંનો કાગળ ગળવા લાગ્યો હતો. અને મીટ નીચે પડી જાય એમ થઈ ગયું હતું. તે અટકી ને તેને સરખું કરવાની કોશિશ કરવા ગયો તો તેણે જોયું કે એક કૂતરું તેના હાથમાં રહેલ મીટના પડીકાંને તાકતું પાછળ ચાલ્યું આવતું હતું. તેને એમ લાગ્યું કે કદાચ હમણાં ઝપટ મારી દેશે. તેણે કૂતરાંને હડ... હડ... કર્યું પણ તેના પર તેની કોઈ અસર ન થઈ. ઉલ્ટું તે તેને ભસવા લાગ્યું.

કૂતરાંની બીકમાં ને બીકમાં તે સામે આવી રહેલા માણસ સાથે ભટકાઈ પડ્યો. અને બંને ગબડી પડ્યા. માંડ બચ્યા. પોતાની જાતને જરા સંભાળતાં તેણે જોયું તો જે માણસ સાથે તે ભટકાઈ પડ્યો હતો તે નજીકના મંદિરના પુજારી હતા. મીટનું પડીકું તેમને ટકરાઈને દૂર પડ્યું હતું. પુજારીના હાથમાં રહેલ હવન સામગ્રી ધૂળમાં પડી ગઈ હતી. તે ધ્રૂજવા લાગ્યો. હિંદુઓનો આ ઈલાકો છે. ભયંકર ભૂલ થઈ ગઈ. હવે મારી ખેર નથી. મારી મારીને અધમુવો કરી નાંખશે. વાતનું વતેસર થઈ જશે ને તોફાન પણ ફાટી નીકળે કંઈ કહેવાય નહીં.

થર થર ધ્રુજતો તે પુજારીને ઊભા કરવા આગળ વધ્યો, 'મેં જાણી જોઈને નથી કર્યું. ખુદા કસમ...'

ત્યાં આવી પહોંચેલા ત્રણ-ચાર જણના ચહેરા તમતમી રહ્યા હતા. 'એટલે આ મુસલમાન છે ? જાણી જોઈને આવું કર્યું હોય એમ લાગે છે. આની પાછળ કોઈ કાવતરું હશે. તે દિવસે પાલનપુરમાં એક હિંદુની સાયકલ મુસલમાન સ્ત્રી સાથે ટકરાઈ ગયેલી. અને હુલ્લડ થઈ ગયું. અહીં આ આમાં કંઈક કાવતરું લાગે છે. પુજારીને અપવિત્ર કરી દીધો. આને સબક શીખવાડવો પડશે. મારો સાલ્લાને...'

તેમણે પકડી લીધો. પુજારી તેને આડા ઊભા રહી ગયા. 'છોડી દો... હું ગંગાજળથી સ્નાન કરી લઈશ. હવન સામગ્રી પણ બીજી આવી જશે. પણ ભાઈ તું હવેથી આવી વસ્તુઓ ઢાંકીને લઈ જજે. વાત આગળ વધે તે પહેલાં તું અહીંથી ચાલ્યો જા.... આટલી અમથી વાતમાં મારા મહાન ધર્મને કોઈ આંચ આવવાની નથી.'

આજુબાજુ ટોળે વળેલા લોકો પુજારીની વાત સાંભળી દંગ રહી ગયા. તેના શરીરમાં જાણે કે તાકાત આવી ગઈ. તે મુઠ્ઠી વાળીને ભાગવા લાગ્યો... કેમ કે હજુ ગયા બુધવારે ઉત્તરાયણ ને કારણે પતંગની બાબતે તેના મહોલ્લામાં છોકરાઓ બાખડી પડ્યા હતા. તે દૃશ્ય તેની નજર સામે આવી ગયું. તેને થયું કે પુજારી મહારાજની જેમ બધા વિચારતા થઈ જાય તો કેવું સારું...

પોતાની જાતને પૂર્ણ માનવાની અને અન્ય લોકોમાં પૂર્ણતા ઝંખવાની માણસની વૃતિ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણને આપણે સૌ હિન્દુ લોકો ભગવાન તરિકે પૂજીએ છીએ. આપણાં હિન્દુ શાસ્ત્રો પ્રમાણે ભગવાન વિષ્ણુના દસ અવતારોમાંનો એક અવતાર એટલે શ્રીકૃષ્ણનો અવતાર. છેલ્લા પાંચ હજાર વર્ષથી શ્રીકૃષ્ણનું આપણાં સૌના હૃદયમાં એક વિશિષ્ટ સ્થાન છે કારણ કે આપણે શ્રીકૃષ્ણને પૂર્ણ પુરષોતમ માનીએ છીએ. હિન્દુધર્મનાં સર્વે દેવો, દેવતાઓ, દેવીઓ અને ભગવાનમાં શ્રીકૃષ્ણ જ એક એવા છે કે જેમને આપણે પૂર્ણ-પુરષોતમ તરીકે માણીએ છીએ અને પૂર્ણ પુરુષોત્તમ તરીકે પૂજીએ છીએ.

શ્રીકૃષ્ણને આપણે શા માટે પૂર્ણ-પુરષોતમ માણવા જોઈએ તેનાં વિષે આપણાં શાસ્ત્રો અને પુરાણોમાં ઘણા કારણો આપ્યા છે. તેનાં વિશેના ઘણાં પૂરાકલ્પનો પણ છે. એ સૌ કારણોમાનું એક કારણ, એક પૂરાકલ્પન એ છે એ ખૂબ જ રસપ્રદ છે. શરીર વિજ્ઞાન પ્રમાણે દરેક પુરુષને સ્ત્રીની જેમ જ છાતીમાં બે ડીંટડી (ટ્રૈન્ઈ) હીય છે. એનો અર્થ એ થયો કે દરેક પુરુષમાં કેટલાક પ્રકારના સ્ત્રેણ હોરમોન્સ હોય છે. આમ દરેક પુરુષમાં સ્ત્રૈણ હોરમોન્સ હોય કોઈ પુરુષ પૂર્ણ પુરુષ નથી. શ્રીકૃષ્ણ આમાં અપવાદ હતા. શ્રીકૃષ્ણની છાતીમાં સ્તનની એકપણ ડીંટડી ના હતી. પુરાકલ્પન પ્રમાણે એવું પણ કહેવાય છે કે અર્જુનને છાતીમાં બે ને બદલે માત્ર એક ડીંટડી હતી. આમ અર્જુન નર અને શ્રીકૃષ્ણ નારાયણ કહેવાય છે. શ્રીકૃષ્ણ પૂર્ણ પુરષોતમ કહેવાય છે.

કોઈપણ માણસ શ્રીકૃષ્ણ નથી. શ્રીકૃષ્ણ આમ પણ સર્વગુણ સંપન્ન હતાં તેને કારણે એ પૂર્ણ પુરુષ કહેવાયા. માણસનો પીંડ બે પ્રકારના સંમિશ્રણાંથી બનેલો હોય છે અને એ પીંડમાંથી જ માણસ ઘડાયેલો હોય છે. માણસના એ પીંડમાં કેટલાક ગુણો પણ હોય છે અને કેટલાક અવગુણો પણ હોય છે. માણસના પીંડમાં કેટલીક શકિતઓ પણ હોય છે અને કેટલીક ખામીઓ પણ હોય છે. આમ કેટલીક સબળાઈઓ અને કેટલીક નબળાઈઓનાં સંમિશ્રણ સાથે બનેલો એ પીંડ અને તેમાંથી બનેલો માણસ ક્યારેય પૂર્ણતા પામી જ શકતો નથી એ એક સનાતન સત્ય છે. આ સનાતન સત્યને જાણવા છતાં આપણે સૌ આપણી જાતને પૂર્ણ માનીએ છીએ અને સતત તેનાં ગર્વ કે ઘમંડમાં રાચતાં રહીએ છીએ. માત્ર આપણી જ પૂર્ણતા નહીં, સાથે સાથે આપણાં સ્નેહી-સંબંધીઓ પણ પૂર્ણ જ હોય એવી અપેક્ષાઓ આપણે રાખતા હોઈએ છીએ. આમ પૂર્ણતા વિષેની આપણી માન્યતા, પૂર્ણતાની આપણી અપેક્ષા અને અપૂર્ણતાની વાસ્તવિકતા વચ્ચે આપણે જ સતત પીસાયા કરીએ છીએ.

માણસ પોતાની જાતને પૂર્ણ માનતો હોય, તેને કોઈ પોતાની ખામીઓ, ક્ષતિઓ તરફ અંગુલિનિર્દેશન કરે તો તે સહેલાઈથી સ્વીકારતો નથી. પોતાની નબળાઈઓ સ્વીકારવાની તો વાત બાજુએ રહી, પોતાની ખામીઓ તરફ અંગુલિ નિર્દેશન કારનાર વ્યકિત સાથે સંબંધો બગાડતાં પણ તે અચકાતો નથી અને તેની સાથે સંબંધો બગાડતાં તેને વાર પણ નથી લાગતી.

માણસ પોતાની જાતને તો પૂર્ણ માનતો હોય છે પણ સાથે સાથે તે પોતાના સ્નેહી સંબંધી પણ પૂર્ણ હોય એવી અપેક્ષા રાખતો હોય છે. માણસ હંમેશા એવું ઈચ્છતો હોય છે કે કોઈપણ સ્નેહી-સંબંધી પોતાની સાથે એક પૂર્ણ વ્યકિત તરીકે જ ઉપસ્થિત થાય અને એક પૂર્ણ વ્યકિત તરીકે જ વર્તન-વ્યવહાર કરે. બીજા શબ્દોમાં કહીએ તો તેમની સાથે દરેક વ્યકિત સો ટચના સોના જેવા જ વ્યવહાર અને વર્તન કરે એવી તે અપેક્ષાઓ રાખતો હોય છે. પોતાની સાથે સંબંધિત વ્યકિત દ્વારા આ પ્રકારના વર્તન અને વ્યવહાર નથી થતાં ત્યારે માણસને તેના સંબંધી પ્રત્યે અણગમો થતો હોય છે. માણસને પોતાના સંબંધીની કોઈ જ પ્રકારની ઉણપ ગમતી નથી હોતી કારણ કે માણસ સંબંધિત વ્યકિતઓમાં પૂર્ણતા ઝંખતો રહે છે.

સ્નેહી-સંબંધીઓમાં સંપૂર્ણતાની ઝંખના દરેક સંબંધોમાં વિસ્તરેલી છે. મા-બાપ પોતાનાં બાળકોમાં અને બાળકો પોતાના મા-બાપમાં, પતિ પોતાની પત્નિમાં અને પત્નિ પોતાનાં પતિમાં, ભાઈઓ-બહેનો એકબીજામાં, મિત્રો-મિત્રોમાં સ્નેહીઓ-સંબંધીઓમાં સંપૂર્ણતાથી અપેક્ષાઓ રાખતા હોય છે. કોઈપણ વ્યકિત સંપૂર્ણ જ હોવી જોઈએ એવી અપેક્ષા થકી આપણાં મનમાં એક સતત બોજ રહેતો હોય છે. એક પ્રકારનું માનસિક તાણ રહેતું હોય છે અને જ્યારે જ્યારે આપણી સંપૂર્ણતાની અપેક્ષા પ્રમાણે તેઓના વર્તન અને વ્યવહાર નથી થતાં ત્યારે ત્યારે આપણે દુઃખી થતાં હોઈએ છીએ.

જીવનનાં કેટલાક કાર્યોમાં સંપૂર્ણતા શક્ય છે પણ દરેક કાર્યોમાં સંપૂર્ણતાથી અપેક્ષા રાખવી અતિશયોક્તિ ગણાય. માણસ એ કોઈ મશીન કે કોમ્પ્યુટર નથી કે સો ટકા, સંપૂર્ણ કાર્ય કરે. આપણે આપણાં સ્નેહી સંબંધીઓના દરેક પ્રકારના કાર્યોમાં અને તેના વ્યવહાર અને વર્તનમાં પૂર્ણતા ખોળતા રહીએ છીએ. પેલી 'અપના આસમાન' ફિલ્મના મા-બાપની જેમ ઘણીવાર સ્નેહી-સંબંધીઓની અપૂર્ણતાને કારણે આપણે સંકોચ અને શરમ પણ અનુભવતા હોયે છીએ. જ્યાં જ્યાં, જ્યારે જ્યારે સંબંધિત વ્યકિતમાં ઉણપ દેખાય છે ત્યારે તેને ટોકતા રહીએ છીએ. આ ખોળવા અને ટોકવાની પ્રકિયા સતત ચાલ્યા કરે છે. આ અંતહિન પ્રકિયા દરમ્યાન કંઈ કેટલાય સંબંધોના તણાવાણાને આપણે ગુચવતા રહીએ છીએ. સંબંધોના તાણાવાણા આમ ગુંચવાઈ જાય પછી તેને ઉકેલવાનું બહુ કઠીન બની જતું છે.

આપણને સૌને ખબર છે કે આપણે પોતે સંપૂર્ણ નથી. તો પછી અન્ય લોકોમાં સંપૂર્ણતાની અપેક્ષા શા માટે રાખીએ છીએ? બીજી વ્યકિત તરફ આંગળી ચીંધતા પહેલા જો આપણે એ ચોકસાઈ કરી લઈએ કે આપણી પોતાની આંગળી ચોખ્ખી છે કે નહિ તો કદાચ સંપૂર્ણતાની અપેક્ષાઓ થકી ઉદ્ભવતી બધી જ સમસ્યાઓમાં હલ થઈ જાય. આપણાં સ્નેહી સંબંધીઓમાં જે છે તેને માણીએ અને જે નથી તેને જતું કરીએ તો આપણે પણ દુઃખી ન થઈએ અને આપણાં થકી સંબંધિત વ્યકિત પણ દુઃખી ના થાય.

સંપૂર્ણ માનવ એક માત્ર શ્રીકૃષ્ણ જ હતા એ હકીકત "ના ભૂતો ના ભવિષ્યતી" છે. દરેક વ્યકિતમાં સંપૂર્ણતા ખોળવી એ એક મૂર્ખાઈ સિવાય કશું જ નથી. આ સનાતના સત્યને હંમેશા સ્વીકારીને ચાલીએ, પોતાની જાતને પૂર્ણ માનવાની અને અન્ય લોકોમાં પૂર્ણતા ઝંખવાની આપણી વૃતિને છોડી દઈએ તો આપણાં ઘણા ઉદ્વેગો આપમેળે શાંત થઈ જાય.

ઉકળતા ચરુ જેવા આપણા રાષ્ટ્રમાં સુશાસન કયારે આવશે?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

ખબર નથી કે આવતીકાલનો સૂર્યોદય શું લઈને આવશે અને એ પણ જાણી શકાતું નથી કે કોણ કયારે ચિંતાનો વિષય બનીને જીવન ભારે બનાવી દેશે ! ભાવિ વિશે કોઈ કશું જ કહી શકે નહીં છતા હાલમાં આપણા દેશમાં સામાજિક આર્થિક અને નૈતિક માહોલ એટલો ઘાતક રીતે ઝડપથી નકારાત્મક રીતે બદલાઈ રહ્યા છે જે વાસ્તવમાં ચિંતન કરવાનો મુદ્દો છે. પ્રવર્તમાન સરકારની મક્કમતા અને નીતિઓ ઉપર લોકોને 'અચ્છે દિન' માટે પુષ્કળ ભરોસો હતો અને હાલ પણ છે છતાં લોકો હવે જબરી દ્વિધા અને મુંઝવણ વચ્ચે જીવી રહી છે. એક બાજુ આર્થિક મોરચે સતત્ બજારમાં મંદી સ્પષ્ટ આવી હોય તે દેખાય છે. માંગની કમીમાં વૃદ્ધિ થઈ રહી છે તો બીજી તરફ સમાજની અંદર જે સમરસતા અને સૌહાર્દનું વાતાવરણ હતું ત્યાં ભડકા ઊભા થવા લાગ્યા છે એટલે હવે સુશાસનની વાત કરવાનું મન થતું નથી પરંતુ દિલ ભરાઈ આવે છે. ગુડ ગર્વનન્સના માર્ગે ડિજિટલ પ્લેટફોર્મ અમલી બનાવ્યું જે ઉત્તમ તથા સમયોચિત છે છતાં ત્યાં હજારો ખામી અને વિઘ્નો પ્રવર્તે છે. તેથી કામ ઝડપથી પતાવવાની લ્હાયમાં ભ્રષ્ટાચારને વેગ મળે છે. જેની ઉપર કોઈ ચર્ચા થતી નથી ! બધું ઓનલાઈન કર્યા જવાથી સારું થઈ જશે એ ભ્રમમાં આકલન કરવાનું ભૂલાયું છે. બહુધા લોકો ઓનલાઈન કરવામાં સફળ થતા નથી જેના કારણો ઘણા છે તો ઓફિસોમાં રૂબરૂ નાનું એવું કામ કરવા લોકો જાય તો પરેશાની જે નજરે ચડે તે જોઈને મનમાં જરૂર લાગી આવે છે કે શું આ આપણી પ્રગતિની પ્રાપ્તિ છે ? જન્મ-મરણ-લગ્ન-નોંધણીનું પ્રમાણપત્ર જેવા સરળ લાગતા કામોમાં પ્રજા અત્યંત હેરાન થઈ જાય છે તર્ક વિહિન પુરાવાઓ - વગેરે પણ માંગવામાં આવે છે અને ફરિયાદ કરવાની તો કયાં કરવાની ? સરળ અને ઝડપના તત્ત્વોની સિસ્ટમથી કામ કરવા જતા બાદબાકી થઈ જાય છે. બીજુ સરકારની બધી જ કચેરીઓમાં સર્વ સામાન્ય નીતિ નિયમો જ હોય તેવું માનીને લોકો ચાલવા જાય તો પણ પીડિત થઈ જાય છે. ત્રીજું સમય પાલન હવે કોઈ અગત્યનો મુદ્દો જ જાણે કે રહ્યો નથી. ફિક્ત વેતન વાળા જોબમાં કામ કરનારનું માનસ અન્ય કમાણી કઈ રીતે કરુ તો મારું ઘર કંઈક સરખું ચાલે તેની આ ફિકરમાં બધા ઉમદા સુશાસનનાં આદર્શો હવામાં ઉડી જાય છે આ નગ્ન સત્ય છે.

સુશાસન વાસ્તવમાં કોની વધુ જવાબદારી છે ? સરકારની કે પ્રજાની - આ ચિંતન કરવાની જરૂર છે. રાષ્ટ્રહિતના જે કોઈ એજન્ડા છે તે સાચા અર્થમાં જનતા જનાર્દન સમક્ષ પૂરી સમજણથી વિસ્તૃત રીતે રજૂ કરવામાં જે ક્ષતિ રહી જાય છે ત્યારે પ્રજાના વિવિધ વર્ગો કે તબક્કાઓ ઝડપથી અન્ય દિશામાં વૈચારિક રીતે ફંટાઈ જાય છે અને ત્યારબાદ દેશનું મેલુ રાજકારણ હાવી થાય છે. પરિણામે સમાજ તનાવપૂર્ણ સ્થિતિમાં ધકેલાઈ જાય છે. દેશના હિતની વાતો જે કોઈ જાહેરમાં કરી રહ્યા છે તેમને નમ્ર અપીલ છે કે મહેરબાની કરીને દેશના ભલા માટે મૌન થઈને કામ કરો જ્ઞાતિ-જાતિ-વર્ગના વિભાજનથી આ મહાન રાષ્ટ્ર તબાહ થઈ જશે. લોકશાહીને મજબુત બનાવવાની જગ્યાએ એ હવે આપણે તેનું મૂલ્ય ખોઈ રહ્યા છીએ. વિશ્વ આખુ સળગી રહ્યું છે ત્યારે દેશની આંતરિક શક્તિ નાશ પામે નહીં એ કાળજી પ્રત્યેક નાગરિક અને બધા પક્ષોએ લેવાની છે. સુશાસન આવતું નથી અને પ્રજા અંદરથી રોજ મરી રહી છે. આપણી ઉમદા સાંસ્કૃતિક વિરાસત કયાં ચાલી જાય જયારે દેશ હિતની વાત આવે છે ત્યારે ? પ્રજાને રોજિંદા નીજી જીવનમાં રાહત જોઈએ, નવી આવક ઝંખે છે, ઐક્ય ચાહે છે ત્યાં બધા જ પ્રકારના નિવેદનો અને હવનમાં હાડકા નાંખવા એ પાપ સમાન આ વ્યવહાર છે. આપણે નવી પેઢીને શું આપવા જઈ રહ્યા છીએ તેનો તો વિચાર કરો. ભ્રષ્ટાચાર હારે એ આપણો રાષ્ટ્રવિજય થયો ગણાય ! કર્મથી, ધર્મથી, વચન કે વર્તનથી આપણે કંઈ જ એવું કરતા નથી કે આ દેશની મહાનતા વધે - બધા સ્વયંના સુખને કે સાનુકૂળતા ને જ શોધ્યા કરશે તો છેવટે દેશ પછાત થઈને રહેશે. બધા જ પ્રશ્નોમાં રાજકારણ સતત્ કરતા રહીશું તો આખરે કંઈ મળવાનું નથી અને પ્રજા વિદ્રોહમાં ડૂબતી જશે. સરકાર માટે દરેક ક્ષેત્રના કાર્યોને સમયાંતરે રિવ્યુ કરે તથા યોગ્ય સુધારણા કરે તો જ હાલતમાં પરિણામો સારા મળશે. આર્થિક મોરચે વધુ ધ્યાન આપવાની તાતી જરૂરિયાત લાગે છે.

શેર આસ્વાદ :
માટી કા સંસાર હૈ ખેલ સકે તો ખેલ
બાજી રબ કે હાથ હૈ કર લે સબ સે મેલ